Extra No. 68

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] TUESDAY, MARCH 3, 2026 / PHALGUNA 12, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામુ:-

-:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે જાહેરનામું ::-

File No: NAV/mag/e-file/453/2026/1714/Deputy Chitnish.-આગામી તા.૦૩-૦૪/૦૩/૨૦૨૬ ના રોજ (મંગળવાર-બુધવાર) ના રોજ હિન્દુ ધર્મના હોળી-ધુળેટીના તહેવારની ઉજવણી કરવામાં આવનાર છે. સદર તહેવારની ઉજવણી દરમ્યાન જીલ્લામાં શાંતિ અને કોમી એખલાસ ભર્યું વાતાવરણ જળવાઈ રહે તેમજ તહેવાર દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે સારૂ (૧) લોકોને અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવા ઉપર (૨) પ્લાસ્ટીક કોથળીઓમાં પાણી ભરીને પાણીના ફુગ્ગાઓ મકાનો તથા એપાર્ટમેન્ટમાંથી જાહેર રસ્તા ઉપર આવતા જતા રાહદારીઓ તથા વાહનો ઉપર ફેંકવા ઉપર (૩) રસ્તા પર આડાશ ઉભી કરી ગોઠ ઉઘરાવવા તથા વાહનો રોકવા પર તથા (૪) કોઈની ધાર્મિક લાગણી દુભાય તેવા સુત્રોચ્ચાર જાહેરમાં કરવા પર તા.૦૨/૦૩/૨૦૨૬ થી તા.૦૪/૦૩/૨૦૨૬ સુધી પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી નવસારીનાઓએ તેઓના પત્ર નં.એલ.આઈ.બી./હોળી-ધુળેટી/જાહેરનામું ૫૫૦/૨૦૨૬ તા.૨૬/૦૩/૨૦૨૬થી દરખાસ્ત કરેલ છે.

જેથી હું યોગરાજસિંહ. બી. ઝાલા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી જિલ્લા, નવસારી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩થી મળેલ સત્તાની રૂએ સમગ્ર નવસારી જિલ્લા હદ વિસ્તારમાં તા.૦૨/૦૩/૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા.૦૪/૦૩/૨૦૨૬ ના કલાક ૨૪-૦૦ સુધી નીચે દર્શાવ્યા મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

-:: કૃત્યો ::-

" (૧) લોકોને અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવા ઉપર (૨) પ્લાસ્ટીક કોથળીઓમાં પાણી ભરીને પાણીના ફુગ્ગાઓ મકાનો તથા એપાર્ટમેન્ટમાંથી જાહેર રસ્તા પર આવતા જતા રાહદારીઓ તથા વાહનો ઉપર ફેંકવા ઉપર (૩) રસ્તા પર આડાશ ઉભી કરી ગોઠ ઉઘરાવવા તથા વાહનો રોકવા પર તથા (૪) કોઈની ધાર્મિક લાગણી દુભાય તેવા સુત્રોચ્ચાર જાહેરમાં કરવા ઉપર (૫) હોળી/ધુળેટીના તહેવાર દરમ્યાન નદી, તળાવ, દરિયા કિનારો, ડેમ સાઈટ, કુદરતી ઝરણાં તથા અન્ય વોટર સાઈટ પર માનવ મૃત્યુની દુર્ઘટના બની શકે અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતી કથળી શકે તેવા વર્તન કરવા ઉપર"

-:: વિસ્તાર ::-

નવસારી જિલ્લાનો સમગ્ર શહેરી તથા ગ્રામ્ય વિસ્તાર

-: અમલવારીનો સમયગાળો:-

આ હુકમ તા.૦૨/૦૩/૨૦૨૬ ના કલાક ૦૦-૦૦ થી તા.૦૪/૦૩/૨૦૨૬ ના કલાક ૨૪-૦૦ સુધીના સમયગાળા માટે અમલમાં

-:: શિક્ષા:-

આ જાહેરનામાનો કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬ (ઈ-સાઈન) ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

યોગરાજસિંહ. બી. ઝાલા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
નવસારી

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.04.08 13:19:38 IST